# Google Meet

**Google Ireland Limited (“Google”)**
Gordon House, Barrow Street, Dublin 4, Ireland
https://support.google.com/

*21 ડિસેમ્બર, 2020થી લાગુ*

**કરારનો સારાંશ**

- આ કરારનો સારાંશ EU કાયદાની જરૂરિયાત મુજબ, અમારી સેવાની ઑફરના મુખ્ય ઘટકોનું વર્ણન કરે છે[1].
- તેનો હેતુ સેવાની ઑફરો વચ્ચે તુલના કરવામાં તમારી સહાય કરવાનો છે.
- અમારી સેવાની ઑફર વિશેની સંપૂર્ણ માહિતી અન્ય દસ્તાવેજોમાં ઉપલબ્ધ છે.

### સેવાઓ

Google Meet એ વેબ ઇન્ટરફેસ અથવા ઍપ મારફતે બધા ડિવાઇસ અને પ્લૅટફૉર્મ પર ઑફર કરવામાં આવતી વીડિયો-કમ્યુનિકેશન સેવા છે. Google Meet મારફતે વાતચીત કરવા માટે ઇન્ટરનેટ કનેક્શન જરૂરી છે. Google દ્વારા વાજબી કૌશલ્ય અને કાળજીનો ઉપયોગ કરીને Google Meetની સુવિધા પ્રદાન કરવામાં આવે છે, જોકે તેમાં નિમ્ન લેવલની ક્વૉલિટી ધરાવતી સેવા ઑફર કરવામાં આવતી નથી.

### કિંમત

Google Meet વિના મૂલ્યે ઑફર કરવામાં આવે છે અને તેનો ઉપયોગ Google સેવાની શરતો (https://policies.google.com/terms પર ઉપલબ્ધ)ના પાલનને આધીન છે.

### અવધિ, રિન્યૂઅલ અને સમાપ્તિ

સાઇન-અપ કર્યા પછી તરત જ Google Meet તમારા ઉપયોગ માટે ઉપલબ્ધ હોય છે. તમે કોઈ નિશ્ચિત અવધિ માટે Google Meetનો ઉપયોગ કરવા માટે પ્રતિબદ્ધ નથી અને તમે કોઈપણ સમયે તેનો ઉપયોગ કરવાનું બંધ કરી શકો છો.

### શારીરિક અક્ષમતા ધરાવતા વાપરનારાઓ માટેની સુવિધાઓ

Google Meetમાં તમે સ્ક્રીન રીડર અને કીબોર્ડ શૉર્ટકટનો ઉપયોગ કરી શકો છો અને બોલનારી વ્યક્તિ માટેના કૅપ્શન બતાવી શકો છો. વધુ વિગતો https://www.google.com/accessibility/ પર ઉપલબ્ધ છે.

### અન્ય સંબંધિત માહિતી

ગ્રાહક સેવા: Google Meet માટે સહાય / સપોર્ટhttps://support.google.com/ પર ઉપલબ્ધ છે.
તકરારો: તમે https://ec.europa.eu/consumers/odr/main/?event=main.adr.show2 પરની સૂચિમાં જણાવેલા વૈકલ્પિક તકરાર નિવારણ પ્રદાતાને અથવા તમારા દેશ માટે કાનૂની રીતે જરૂરી હોય એવા કોઈ અન્ય પ્રદાતાને ફરિયાદ કરી શકો છો. Google સેવાની શરતોમાં વધુ વિગતો ઉપલબ્ધ છે.
સુરક્ષા સંબંધિત અકસ્માતો: વિના વિલંબે સુરક્ષા અથવા પ્રાઇવસી સંબંધિત ઘટનાઓ ઓળખવા અને તેનો પ્રતિસાદ આપવા માટે Google 24/7 સખત અકસ્માત મેનેજમેન્ટ પ્રોગ્રામ ચલાવે છે. Google તમને તમારી ઑનલાઇન સુરક્ષા મેનેજ કરવામાં સહાય માટે, 'Google સુરક્ષા ચેકલિસ્ટ' પણ પ્રદાન કરે છે.
વ્યક્તિગત ડેટા: Google Meetમાં સાઇન અપ કરવા માટે, તમારે તમારું નામ, ઇમેઇલ ઍડ્રેસ અને ફોન નંબર આપવો જરૂરી છે. Google પ્રાઇવસી પૉલિસી (https://policies.google.com/privacy પર ઉપલબ્ધ)માં, તમે Google Meetનો ઉપયોગ કરો ત્યારે Google દ્વારા એકત્રિત કરવામાં આવતા વ્યક્તિગત ડેટા વિશે વધુ માહિતી પૂરી પાડવામાં આવે છે. Google પ્રાઇવસી પૉલિસી તમારા અને Google વચ્ચેના કરારનો અથવા આ સારાંશનો ભાગ બનતી નથી.

---

[1]યુરોપિયન સંસદના અને 11 ડિસેમ્બર, 2018ની કાઉન્સિલના સૂચન (EU) 2018/1972ની કલમ 102(3), જે યુરોપિયન ઇલેક્ટ્રોનિક કમ્યુનિકેશન્સ કોડ (OJ L 321, 17.12.2018, p. 36)ની સ્થાપના કરે છે.